©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **THURSDAY, JULY 31, 2025 / SRAVANA 09, 1947** **[No. 31**

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	2557-2583
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	31
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	61
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1175-1180

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

:: હંગામી જાહેરનામું ::

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું.

નં.એમએજી/લે.કો.-૨૫/વશી.૧૯૧૫ થી ૧૯૫૦/૨૫ ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા બારડોલીએ તા.૨૧/૦૨/૨૦૨૫ ના પત્રથી અત્રેના કાર્યક્ષેત્ર હેઠળના બારડોલી-મઢી વચ્ચેના રેલ્વે ક્રોસીંગ નં.૨૫ રેલ્વે પોલ નં.૨૭/૧૫ થી ૨૭/૧૬ ખાતે રોડ ઓવરબ્રીજ બનાવવાના કામે તા.૨૫/૦૯/૨૦૨૫ સુધી કાયદો અને જાહેર વ્યવસ્થાને ધ્યાને લઈ બંધ કરવાનો હોવાથી, સદરહું સમયગાળા દરમ્યાન આ રૂટની વાહન વ્યવહાર સરળતાથી ચાલે અને કોઇ ટ્રાફીક અવરોધ ઉભો ન થાય અને જાહેર જનતાની સલામતી જળવાઇ રહે તે માટે લોકહિતમાં વાહનો માટે ટ્રાફીક ડાયવર્ઝન કરવાનું જરૂરી જણાતું હોય, આ કામે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત સદર રેલ્વે ક્રોસીંગ નં.૨૫, તા.૨૫/૦૯/૨૦૨૫ સુધીની મુદત સુધી બંધ રાખવા ઠરાવુ છું તથા સદરહું સમય દરમ્યાન નીચે જણાવ્યા મુજબના રૂટ ઉપર ટ્રાફિક ડાયવર્ટ કરવા ફરમાવું છું.

રેલ્વે ફાટક નં.૨૫ ખાતે રોડ ઓવરબ્રીજ બનાવવાની કામગીરી માટે બંધ રહે તે દરમ્યાન તેના વિકલ્પ તરીકે વાહન વ્યવહાર તથા લોકોની અવર-જવર માટે

(૧) અસ્તાન ગામ, ધામડોદ ગામ તથા કડોદ ગામ તરફથી બારડોલી નગરપાલીકા તથા બાબેન સુગર ફેક્ટરી તરફ જવા માટે ભારે તથા લાઈટ વાહનોની અવરજવર માટે અસ્તાન કેનાલ રોડ નો ઉપયોગ કરી શકાશે.

(૨) અસ્તાનગામ, ધામડોદગામ તથા કડોદગામ તરફથી બારડોલી નગરપાલિકા તરફ જવા માટે ભારે તથા લાઈટ વાહનોની અવરજવર માટે તરસાડા, કડોદ, બારડોલી સરભોણ નવસારી રોડ (એલ.સી.નં.૨૬)ની ઉપયોગ કરી શકાશે.

(૩) બારડોલી નગરપાલિકા તથા બાબેન ગામથી અસ્તાનગામ, ધામડોદગામ તથા કડોદગામ તરફ જવા માટે ભારે તથા લાઈટ વાહનોની અવર જવર માટે અસ્તાન કેનાલ રોડ નો ઉપયોગ કરી શકાશે.

ઉક્ત જણાવેલ ડાયવર્ઝન વાળી જગ્યાએ ડાયવર્ઝન રૂટ અંગેની દિશા દર્શાવતા બોર્ડ લગાવવા ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા બારડોલીએ નિયમાનુસાર વ્યવસ્થા કરવાની રહેશે. જો તેમ કરવામાં ચુક થશે અને કોઈ આકસ્મિક ઘટના બનશે તો તેની સમગ્ર જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

સદર જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:- ૨૪/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી સિકકા કરી આપવામાં આવેલ છે.

વિજય રબારી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
સુરત

પોલીસ કમિશ્નર દ્વારા

વંચાણે લીધા:- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસઅધિકારીની કચેરીના પત્રકમાક જી- ૧/ એસસીઆર/સલામતી/૬૩૭/૨૦૨૫ તા.૦૨/૦૪/૨૦૨૫ આધારે.

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

નંબર/વિ.શા/ એ-સેક્શન/પરમીટ/પરીક્ષા/૪૭/૨૦૨૫. તા.૧૧/૦૪/૨૦૨૫.- ગુજરાત પોલીસ ભરતી બોર્ડ, ગાંધીનગર દ્વારા પોલીસ દળમાં વર્ગ-૩ ની પો.સ.ઈ કેડરની બિનહથિયારી પો.સબ.ઈન્સ્પેક્ટર સીધી ભરતીની લેખિત પરીક્ષા તા.૧૩/૦૪/૨૦૨૫ ના રોજ કલાક ૯/૩૦ થી કલાક ૧૮/૦૦ દરમ્યાન અમદાવાદ શહેરના જુદા-જુદા પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે.

આ પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ/ઉમેદવારો શાંતચિત્તે શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપે અને પરીક્ષાનું સુચારૂ સંચાલન થઈ શકે તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું જી.એસ.મલિક, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./ ૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા. ૦૭/ ૦૧/ ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ. માં અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને સુપ્રિ.ઓફ પોલીસ ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

-:પ્રતિબંધિત વિસ્તાર:-

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તાર.

(૨) ઝેરોક્ષ સેન્ટર/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ એક કિલોમીટરની ત્રિજ્યાનો વિસ્તાર.

-:પ્રતિબંધિત કૃત્યો:-

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓએ ભેગા થવા પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર.

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર.

(૪) પરીક્ષા સ્થળ પર સક્ષમ અધિકારી સિવાયના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકોએ મોબાઈલ અને અન્ય ઈલેકટ્રોનીક /વિજાણુ ઉપકરણ લઈ જવા પર.

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર.

(૬) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવુ કોઈપણ સાધન કે અનઅધિકૃત લેખન સામગ્રી લઈ જવા પર.

(૭) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ના વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર.

(૮) પરીક્ષા સ્થળે કોઈપણ પ્રકારનું હથિયાર લઈ દાખલ થવા ઉપર.

-:અપવાદ:-

આ હુકમ ફરજ પરના પોલીસદળ તથા હોમગાર્ડના માણસો તથા પરીક્ષા અનુસંધાને ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓને લાગુ પડશે નહી.

-:સમયગાળો:-

આ હુકમ તા.૧૩/૦૪/૨૦૨૫ ના સવાર કલાક ૭/૦૦ થી કલાક ૨૦/૦૦ સુધી અમલમાં રહેશે.

-:શિક્ષા:-

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ-૧૧/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

વંચાણે લીધા:- (૧) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧, અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૧/આર.બી-૨૦૭૨/૨૦૨૫ તા.૧૦/૦૪/૨૦૨૫ તથા;

(૨) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬, અમદાવાદ શહેરનાઓના જાવક પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૬/૨૦૩૭/૨૦૨૫ તા.૦૯/૦૪/૨૦૨૫.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૩૭(૧) અન્વયે.

ક્રમાંક: વિ.શા/એ-સેકશન/ પરમીટ/ હથિયારબંધી-જાહેરનામું/૪૮/૨૦૨૫ તા.૧૧/૦૪/૨૦૨૫- અમદાવાદ શહેરના અમુક પોલીસ સ્ટેશન વિસ્તારોમાં કેટલાક આરોપીઓ દ્વારા તલવાર/ છરી/ ચપ્પુ/ ગુમી/ લોખંડની પાઈપ જેવા હથિયારો વડે હુમલાઓ કરી ખૂન, ખૂનની કોશિષ તેમજ મહાવ્યથાના ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપતા હોય છે. આમ, અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા ગુનાઓમાં ગેરકાયદેસર હથિયારો દ્વારા અમુક કિસ્સાઓમાં શરીર સબંધી ગંભીર પ્રકારના ગુનાઓ બનતા હોવાનુ ધ્યાને આવેલ છે. શહેરમાં જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાય રહે તેમજ આરોપીઓ ગંભીર ગુનાને અંજામ આપતાં અટકે અને ભયમુકત વાતાવરણ બની રહે, લોકોના જાનમાલનું રક્ષણ થાય, જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકે, બિભત્સ ભાષા અને વ્યવહાર તેમજ ઉશ્કેરણીજનક ભાષણોથી સુરૂચિ ભંગ થવાના તેમજ ગુનાહિત કૃત્યો થવાની સંભાવનાને નિવારવા જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકાવવા તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય રહે તે સારૂ આવા હથિયારો તથા આવા કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

આથી હું જી. એસ. મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા.૧૨/૦૪/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૨૬/૦૪/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી નીચે દર્શાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું:

-: કૃત્યો:-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઈપણ જાતના ચપ્પુ જે અઢી ઈંચથી વધારે લાંબુ, છેડેથી અણીવાળુ પાનુ હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોંચડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઇ ચીજો લઈ જવાની.

(ખ) પરવાનાવાળા હથીયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા તેમજ સામાજિક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના

સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઈપણ ક્ષયધર્મી (શરીરને હાનિકારક) અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ઘ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ચ) સળગતી કે પેટાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(છ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવા તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા ફેલાવો કરવાથી, સુરૂચિ અથવા પ્રતિષ્ઠાનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

-:વિસ્તાર :-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-:અપવાદ :-

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ:

૧. સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

૨. સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે, સંગીન વગેરે સાથે રાખવા પડતા હોય તેમને.

૩. પોલીસ કમિશ્નર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈ પણ અધિકારીઓએ જેને શારીરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યકિતઓને.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનામ હેડ.કોન્સ.અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ.૧૧/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

જી. એસ. મલિક,
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

વંચાણે લીધા:-

(૧) અધિક કો-ઓર્ડીનેટર અને નિવાસી અધિક કલેકટરશ્રી,અમદાવાદ શહેરની કચેરીના પત્ર ક્રમાંક નં.એક્ઝામ સેલ/GPSC / પરીક્ષા/જાહેરનામું/વશી.૩૫૦/૨૦૨૫ તા.૧૫/૦૪/૨૦૨૫ આધારે

(૨) સંયુકત સચિવ ગુજરાત જાહેર સેવા આયોગ,ગાંધીનગર કચેરીના પત્ર ક્રમાંક સીસીઈ-૧૧૧૭-૨૦૨૪-૨૫-૩-ઈએકસ-૧ આધારે

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

નંબર/વિ.શા/ એ-સેક્શન/પરમીટ/પરીક્ષા/૪૯/૨૦૨૫. તા.૧૬/૦૪/૨૦૨૫.- ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ - ૧ અને વર્ગ -૨ તથા ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી સેવા વર્ગ-૨ ની જગ્યાઓ પર ભરતી (જાહેરાત ક્રમાક: ૨૪૦/૨૦૨૪૨૫) માટેની પ્રલિમિનરી પરીક્ષા તા.૨૦/૦૪/૨૦૨૫ રોજ કલાક ૧૨/૦૦ થી કલાક ૧૫/૦૦ દરમ્યાન અમદાવાદ શહેરના જુદા-જુદા-૬૭ પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે.

આ પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ/ઉમેદવારો શાંતચિત્તે શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપે અને પરીક્ષાનું સુચારૂ સંચાલન થઈ શકે તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું શરદ સિંઘલ ઈન્ચાર્જ પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./ ૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા. ૦૭/ ૦૧/ ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ. માં અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને સુપ્રિ.ઓફ

પોલીસ ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

-:પ્રતિબંધિત વિસ્તાર:-

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તાર.

(૨) ઝેરોક્ષ સેન્ટર/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ એક કિલોમીટરની ત્રિજ્યાનો વિસ્તાર.

-:પ્રતિબંધિત કૃત્યો:-

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓએ ભેગા થવા પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર.

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર.

(૪) પરીક્ષા સ્થળ પર સક્ષમ અધિકારી સિવાયના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકોએ મોબાઈલ અને અન્ય ઈલેકટ્રોનીક /વિજાણુ ઉપકરણ લઈ જવા પર.

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર.

(૬) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવુ કોઈપણ સાધન કે અનઅધિકૃત લેખન સામગ્રી લઈ જવા પર.

(૭) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ના વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર.

(૮) પરીક્ષા સ્થળે કોઈપણ પ્રકારનું હથિયાર લઈ દાખલ થવા ઉપર.

-:અપવાદ:-

આ હુકમ ફરજ પરના પોલીસદળ તથા હોમગાર્ડના માણસો તથા પરીક્ષા અનુસંધાને ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓને લાગુ પડશે નહી.

-:સમયગાળો:-

આ હુકમ તા.૨૦/૦૪/૨૦૨૫ ના સવાર કલાક ૧૦/૦૦ થી કલાક ૧૭/૦૦ સુધી અમલમાં રહેશે.

-:શિક્ષા:-

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ-૧૬/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

શરદ સિંઘલ,
I/C પોલીસ કમિશ્નર,
અમદાવાદ શહેર,

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અન્વયે

ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક /૦૩/૨૦૨૫.-હું, જી.એસ.મલિક,IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) ની સત્તા અન્વયે આગામી તા.૨૫/૧/૨૦૨૫ તથા તા.૨૬/૧/૨૦૨૫ ના રોજ 'નરેન્દ્ર મોદી સ્ટેડીયમ' મોટેરા, સાબરમતી, અમદાવાદ શહેર ખાતે Cold Play Music of The Years નો કાર્યક્રમ થનાર છે. આ મ્યુઝીક શો જોવા માટે આવનાર VVIP,

મોટા પ્રમાણમાં અને મર્યાદીત સમયમાં વાહનો સાથે આવતા દર્શકો અને સેલીબ્રીટીને જોવા માટે એકઠી થતી આમ જનતા વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તેમજ માર્ગ અકસ્માતો બનતા નિવારવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ :-

અમદાવાદ શહેરમાં 'નરેન્દ્ર મોદી સ્ટેડીયમ' મોટેરા, સાબરમતી ખાતે Cold Play Music of The Years તા.૨૫/૧/૨૦૨૫ તથા તા.૨૬/૧/૨૦૨૫ ના રોજ કાર્યક્રમ થનાર હોય જે દરમિયાન નીચે જણાવેલ માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ ડાયવર્ઝન કરવામાં આવે છે.

અનં.	વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ ડાયવર્ઝન વાળો માર્ગ	વૈકલ્પિક માર્ગની વિગત
૧.	જનપથ ટી થી મોટેરા સ્ટેડીયમ મુખ્ય ગેટ થઇ કૃપા રેસીડેન્સી ટી થઈ મોટેરા | ગામ ટી સુધીનો જતો-આવતો માર્ગ વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત રહેશે.	૧. તપોવન સર્કલથી ઓ.એન.જી.સી. ચાર રસ્તાથી વિસત ટી થી જનપથ ટી થઇ પાવર હાઉસ ચાર રસ્તા થઇ પ્રબોધરાવળ સર્કલ સુધીના જતા-આવતા માર્ગ પરથી અવર-જવર કરી શકાશે. ૨. કૃપા રેસીડેન્સી ટી થઇ શરણ સ્ટેટસ ચાર રસ્તા થઇ ભાટ કોટેશ્વર રોડ થઇ એપોલો સર્કલ તરફ અવર-જવર કરી શકાશે.

અપવાદ : સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો, ફરજમાં રોકાયેલા સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો, આકસ્મિક સંજોગોમાં વાહન સાથે અવર-જવર કરનાર તથા આ વિસ્તારમાં વસવાટ કરતા રહીશોને આ જાહેરનામું લાગું પડશે નહી.

-: જાહેરનામાની અમલવારીની વિગત :-

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૨૫/૧/૨૦૨૫ તથા તા.૨૬/૧/૨૦૨૫ બન્ને દિવસના કલાક ૧૨.૦૦ થી કાર્યક્રમ પુર્ણ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લધંન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૩/૧/૨૦૨૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જી.એસ.મલિક,
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અન્વયે

ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૪/૨૦૨૫.-હું, જી.એસ.મલિક,IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) ની સત્તા અન્વયે આગામી તા.૨/૨/૨૦૨૫ ના રોજ સાબરમતી રિવરફ્રન્ટ, પશ્ચિમના માર્ગ ઉપર 'કે.ડી.અમદાવાદ મેરેથોન દોડ' નું આયોજન કરવામાં આવનાર છે. જેમાં મોટા પ્રમાણમાં અને મર્યાદિત સમયમાં વાહનો સાથે આવતી જનમેદની વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તેમજ માર્ગ અકસ્માતો બનતા નિવારવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ :-

અમદાવાદ શહેરમાં આગામી તા.૨/૨/૨૦૨૫ ના રોજ લોકોમાં આરોગ્ય તથા તંદુરસ્તીની જાગરૂકતા લાવવા સાબરમતી રિવરફ્રન્ટ, પશ્ચિમના માર્ગ ઉપર 'કે.ડી.અમદાવાદ મેરેથોન દોડ' નું આયોજન કરવામાં આવનાર હોય જે મેરેથોન દોડ દરમિયાન નીચે જણાવેલ માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ ડાયવર્ઝન કરવામાં આવે છે.

અનં.	વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ	વૈકલ્પિક માર્ગની વિગત
૧.	વાડજ સ્મશાનગૃહ કટ થી પશ્ચિમનો રીવરફ્રન્ટ રોડ આંબેડકર બ્રિજ સુધીનો માર્ગ વાહનોની અવર જવર માટે બંધ રહેશે.	વાડજ સ્મશાન ગૃહ કટ થઇ વાડજ સર્કલ થઇ ઉસ્માનપુરા ચાર રસ્તા થઇ ઇન્કમટેક્ષ ઓવરબ્રીજ મધ્યભાગ થઈ બાટા શો-રૂમ ચાર રસ્તા થઇ ડીલાઈટ ચાર રસ્તા થઈ નહેરુબ્રિજ ચાર રસ્તા થઈ ટાઉન હોલ ચાર રસ્તા થઈ પાલડી ચાર રસ્તા થઈ મહાલક્ષ્મી પાંચ રસ્તા થઈ અંજલી તરફ અવર-જવર કરી શકાશે.
૨.	રાણીપ નવા ટીપી.રોડ પાણીની ટાંકી કટ થી વાડજ સ્મશાન ગૃહ કટ તરફ જતો ડાબી બાજુનો રોડ વાહનોની અવર જવર માટે પ્રતિબંધિત રહેશે.	આ રોડને સમાંતર આવેલ જમણી બાજુના રોડનો વાહનોની અવર જવર માટે ઉપયોગ કરી શકાશે.

૩.	ખોડીયારનગર ચાર રસ્તા થી આંબેડકરબ્રિજ મધ્યભાગ થઈ ચંદ્રનગર ચાર રસ્તા તરફ જતો ડાબી બાજુનો રોડ વાહનોની અવર જવર માટે પ્રતિબંધિત રહેશે	આ રોડને સમાંતર આવેલ ખોડીયારનગર ચાર રસ્તા થી આંબેડકરબ્રિજ મધ્યભાગ થઈ ચંદ્રનગર ચાર રસ્તા સુધીના જમણી બાજુના રોડનો વાહનોની અવર જવર માટે ઉપયોગ કરી શકાશે.
૪.	આંબેકરબ્રિજ ધોબી ઘાટ પુર્વના રીવરફ્રન્ટ કટથી પિકનીક હાઉસ રીવરફ્રન્ટ ટી સુધીનો નદી તરફનો ડાબી બાજુનો રોડ વાહનોની અવર જવર માટે પ્રતિબંધિત રહેશે.	આ રોડને સમાંતર આવેલ ખોડીયારનગર ચાર રસ્તા થી જમણી બાજુના રોડ થઈ આંબેકરબ્રિજના પુર્વ છેડા થી જમણી બાજુવળી પુર્વના રીવરફ્રન્ટ રોડ કટ થી જમણી બાજુના રોડ થઈ પિકનીક હાઉસ રીવરફ્રન્ટ ટી તરફના રોડનો વાહનોની અવર જવર માટે ઉપયોગ કરી શકાશે.

અપવાદ : સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો,ફરજમા રોકાયેલ સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમા વાહન સાથે અવર-જવર કરનારને આ જાહેરનામુ લાગુ પડશે નહી.

-: જાહેરનામાની અમલવારીની વિગત :-

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૨/૨/૨૦૨૫ ના સવાર કલાક ૦૪.૦૦ થી કાર્યક્રમ પુર્ણ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૧/૧/૨૦૨૫ એ મેં મરી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જી.એસ.મલિક,
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અન્વયે

ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૦૬/૨૦૨૫.-હું, શરદ સિંઘલ, IPS, ઈ/ચા.પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) ની સત્તા અન્વયે આગામી તા.૧૫/૨/૨૦૨૫ ના રોજ સાબરમતી રિવરફ્રન્ટ, પશ્ચિમના માર્ગ ઉપર 'વોકેથોન' નું આયોજન કરવામાં આવનાર છે. જેમાં મોટી સંખ્યામાં સ્કુલના નાના બાળકો ભાગ લેનાર છે જેથી મોટા પ્રમાણમાં અને મર્યાદીત સમયમાં વાહનો સાથે આવતી જનમેદની વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તેમજ માર્ગ અકસ્માતો બનતા નિવારવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ :-

અમદાવાદ શહેરમાં આગામી તા.૧૫/૨/૨૦૨૫ ના રોજ લોકોમાં સ્વાસ્થય અને તંદુરસ્તી અંગેની જાગૃતતા લાવવા "વોકેથોન"નું સાબરમતી રિવરફ્રન્ટ, પશ્ચિમના માર્ગ ઉપર આયોજન કરવામાં આવનાર હોય જે વોકેથોન કાર્યક્રમ દરમિયાન નીચે જણાવેલ માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત /ડાયવર્ઝન કરવામાં આવે છે.

અનં.	વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ	વૈકલ્પિક માર્ગની વિગત
૧.	ઉસ્માનપુરા રીવરફ્રન્ટ ગાર્ડન ત્રણ રસ્તા થઈ ગુજરાત સાહિત્ય પરીષદ રીવરફ્રન્ટ ટી થઈ હરીહરાનંદ સર્કલ થઈ રીવરફ્રન્ટ પશ્ચિમ પોલીસ સ્ટેશન થઈ આંબેડકર બ્રિજ નીચે રીવરફ્રન્ટ પશ્ચિમ સુધીનો માર્ગ વાહનોની અવર જવર માટે બંધ રહેશે.	ઉસ્માનપુરા રીવરફ્રન્ટ ગાર્ડન ત્રણ રસ્તા થઈ ગુજરાત વિધાપીઠ ગલી ઈન્કમટેક્ષ બ્રીજ નીચે થી ડાબી બાજુ વળી ઈન્કમટેક્ષ ચાર રસ્તા થઈ બુટ્ટાસિંગ મહાદેવ મંદીર ચાર રસ્તા થી ડાબી બાજુ વળી આશ્રમ રોડ થઈ પાલડી ચાર રસ્તા થઈ અંજલી ચાર રસ્તા તરફ અવર-જવર કરી શકશે.

અપવાદ : સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો,ફરજમા રોકાયેલ સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમા વાહન સાથે અવર-જવર કરનારને આ જાહેરનામુ લાગુ પડશે નહી.

-: જાહેરનામાની અમલવારીની વિગત :-

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા. ૧૫/૨/૨૦૨૫ ના સવાર કલાક ૦૬.૦૦ થી કાર્યક્રમ પુર્ણ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી/ કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

શરદ સિંઘલ,
ઈન્ચાર્જ પોલીસ કમિશ્નર,
અમદાવાદ શહેર,

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અન્વયે

ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૭/૨૦૨૫.-હું, જી.એસ.મલિક,IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) ની સત્તા અન્વયે આવતીકાલ તા.૨૬/૦૨/૨૦૨૫ ના રોજ અમદાવાદ શહેરમાં શ્રી ભદ્રકાળી માતાજીની નગરયાત્રા નિકળનાર છે. જે નગરયાત્રામાં મોટા પ્રમાણમાં અને મર્યાદીત સમયમાં વાહનો સાથે લોકો આવનાર હોય તથા આ નગરયાત્રાને નિહાળવા એકત્રિત થતી મોટી જનમેદની વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તેમજ માર્ગ અકસ્માતો બનતા નિવારવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ :-

અમદાવાદ શહેરમાં આવતીકાલ તા.૨૬/૦૨/૨૦૨૫ ના રોજ શ્રી ભદ્રકાળી માતાજીની નગરયાત્રા નિકળનાર છે. જે નગરયાત્રામાં આશરે ૫૦૦૦ થી વધારે જનસંખ્યા તથા માતાજીનો રથ, પાંચ છોટા હાથી વ્હીકલ, જગન્નાથ મંદિરના હાથી, અખાડાના કલાકાર, નાસિક ઢોલ ગૃપ, પાંચ સાધુની ધજાઓ, એક બેન્ડ વાજાની ટુકડી, એક ડી.જે ટ્રક, ત્રણ ભજન મંડળીઓ, ૧૫ કાર, ૧૦૦ ટુ-વ્હીલર નિકળનાર હોય જે નગરયાત્રા દરમિયાન નીચે જણાવેલ માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ ડાયવર્ઝન કરવામાં આવે છે.

અનં.	વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ	વૈકલ્પિક માર્ગની વિગત
૧.	શ્રી ભદ્રકાળી માતાજી મંદિર થી કારંજ પોલીસ સ્ટેશન આગળ થઈ ત્રણ દરવાજા થઈ પાનકોર નાંકા થઈ માણેક ચોક થઈ ગોળ ગલી થઈ મ્યુનિસિપલ કોઠા અંદર થઈ ગોળલીમડા થઈ ખમાસા ચાર રસ્તા થઈ ડાબી બાજુ વળી જગન્નાથ મંદિરથી જમાલપુર શાકમાર્કેટ થઈ ફુલબજારની આગળથી રોંગ સાઈડમાં રિવરફ્રન્ટ અંદર થઈ મહાલક્ષ્મી મંદીર થઈ વિક્ટોરીયા ગાર્ડન થઈ અખાડાનંદ સર્કલ થઈ વસંત ચોકથી લાલદરવાજા થઈ અપના બજાર થઈ સિદ્દી સૈયદની જાળી થી રોંગ સાઈડ થઈ વીજળીઘરથી શ્રી બહુચર માતાનાં મંદીર થઈ પરત શ્રી ભદ્રકાળી માતાજી મંદિર સુધીનો માર્ગ વાહનોની અવર જવર માટે પ્રતિબંધીત રહેશે.	૧. વિજળી ઘર ચાર રસ્તા થી પાલીકા બજાર થઈ નેહરુબ્રિજ ચાર રસ્તા થી ડાબી બાજુ વળી એલીસબ્રિજ થી ડાબી બાજુ વળી વિકટોરીયા ગાર્ડન તરફના માર્ગનો ઉપયોગ કરી શકાશે. ૨. ગોળલીમડા થી રાયપુર દરવાજા થઈ એસ.ટી. ચાર રસ્તા થઈ જમાલપુર ચાર રસ્તા તરફના માર્ગનો ઉપયોગ કરી શકાશે. ૩. જમાલપુર ચાર રસ્તા થઈ ફુલ બજાર થઈ સરદારબ્રિજના પુર્વ છેડા થી ડાબી બાજુના રોડ થઈ પુર્વનો રીવરફ્રન્ટ રોડ થઈ કામા હોટલ રીવરફ્રન્ટ કટ થઈ ખાનપુર દરવાજા થઈ ઘી કાંટા તરફના માર્ગનો ઉપયોગ કરી શકાશે. ૪. કામા હોટલ રિવરફ્રન્ટ ટી થી ડાબી બાજુ વળી બેકરી સર્કલ થઈ રૂપાલી સિનેમાથી જમણી બાજુ વળી નહેરુબ્રીજ તરફ અવર-જવર કરી શકાશે.

અપવાદ : સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો,ફરજમા રોકાયેલ સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમા વાહન સાથે અવર-જવર કરનારને આ જાહેરનામુ લાગુ પડશે નહી.

-: જાહેરનામાની અમલવારીની વિગત :-

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૨૬/૨/૨૦૨૫ ના સવાર કલાક ૦૪.૦૦ થી નગરયાત્રા પુર્ણ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)

૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૫/૨/૨૦૨૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ના નિયમ-૨૦૭ અન્વયે

ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૧૩/૨૦૨૪.-હું, જી.એસ.મલિક,IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ-૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે આવતીકાલ તા.૫/૫/૨૦૨૪ રોજ અમદાવાદ શહેરમાં મતદાન જાગૃતિ અંગે 'Run for Vote" કેમ્પેઇનનું આયોજન સાબરમતિ રિવરફ્રન્ટ (પશ્ચિમ), બી-બ્લોક ખાતે કરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ભાગ લેવા સારુ પધારનાર હોય જેથી આમજનતા વચ્ચે વાહનોની સુચારુરૂપે અવર-જવર થાય,માર્ગ અકસ્માત બનતા નિવારવા તેમજ વાહન પાર્કિંગ કરવાની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ ફરમાવવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

અમદાવાદ શહેરમાં આવતીકાલ તા.૫/૫/૨૦૨૪ રોજ અમદાવાદ શહેરમાં મતદાન જાગૃતિ અંગે "Run for Vote" કેમ્પેઇનનું આયોજન સાબરમતિ રિવરફ્રન્ટ (પશ્ચિમ), બી-બ્લોક ખાતે કરવામાં આવનાર છે. જે કાર્યક્રમ દરમિયાન નીચે જણાવેલ માર્ગ/વિસ્તાર પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત / ડાયવર્ઝન કરવામાં આવે છે.

અનં.	વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ	વૈકલ્પિક માર્ગની વિગત
૧.	સાબરમતિ રિવરફ્રન્ટ (પશ્ચિમ) પર આવેલ હરીહરાનંદ સર્કલ થી આંબેડકર બ્રિજ નીચે સુધીનો જતો-આવતો માર્ગ વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત રહેશે.	હરીહરાનંદ સર્કલ થઈ ટાઉનહોલ ચાર રસ્તા થઈ પાલડી ચાર રસ્તા થઈ મહાલક્ષ્મી પાંચ રસ્તા થઈ અંજલી ઓવરબ્રિજ મધ્યભાગ થઈ આશ્રમ રોડનો વાહનોની અવર-જવર માટે ઉપયોગ કરી શકાશે.

અપવાદ : સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો, ફરજમાં રોકાયેલા સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમાં વાહન સાથે અવર-જવર કરનારને આ જાહેરનામું લાગું પડશે નહી.

-: જાહેરનામાની અમલવારીની વિગત :-

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૫/૫/૨૦૨૪ ના સવાર કલાક ૦૫.૦૦ થી કાર્યક્રમ પુર્ણ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૪/૫/૨૦૨૪ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જી.એસ.મલિક,
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધુ :- સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, સહાયક પ્રાદેશિક અધિકારીશ્રીની કચેરી, અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે, અમદાવાદ (ગ્રામ્ય), બાવળા, અમદાવાદના તા.૧૬/૦૫/૨૦૨૪ના પત્ર ક્રમાંક નં.એઆરટીઓ/ અનઅધિકૃત વ્યક્તિ/ પ્રવેશબંધ/૩૭૬.

-: જાહેરનામું :-

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૪) હેઠળનું જાહેરનામું

નં.ડીસી/એમએજી/જાહેરનામા/અનઅધિકૃત વ્યક્તિ/પ્રવેશબંદ/એસ.આર.૩૪/૨૦૨૫- અમદાવાદ જિલ્લાની પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી(આર.ટી.ઓ. કચેરી), રાજકોટ નેશનલ હાઈવે, બાવળા, અમદાવાદ ખાતે આવેલ છે. . સદરહું કચેરીમાં દરરોજ મોટા પ્રમાણમાં નાગરીકો, અરજદારો અલગ અલગ કામ માટે જેવા કે વાહનોના લાયસન્સ સબંધિત કામગીરી, વાહનની નોંધણી, નોંધણી બાદની કાર્યવાહી, ટેક્ષ ભરવાની કાર્યવાહી, પરમીટ સંબંધિત કામગીરી માટે આવતા હોય છે. આર.ટી.ઓ કચેરીઓમાં તા.૦૧/૦૭/૧૯૮૯ થી કાયદેસર એજન્ટ પ્રથા નથી આમ છતાય ઘણીવાર અરજદારો/નાગરીકોને ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરી આપવાનું જણાવી કેટલાક અન-અધિકૃત ઈસમો/વ્યકિતઓ ધ્વારા કચેરીની અંદર પ્રવેશ કરી કચેરીમાં કામગીરી અર્થે આવતા અરજદારો/નાગરિકોને ઉલટી-સીધી વાતો કરી ભોળવીને/લલચાવીને તેમજ

મોટરીંગ પબ્લીકને ગેરમાર્ગે દોરીને સરકારશ્રીની નિઃશુલ્ક સેવાઓ કે નિયત દરની મોટરીંગ સેવાઓ ઉપરાંતનો વધારાનો ચાર્જ ગેરકાયદેસર રીતે વસુલવામાં આવતું હોવાનું તથા જાહેર જનતાના પૈસા લઈ ભાગી જતા હોવાનું તથા છેતરપીડી કરતા હોવાનું ધ્યાન પર આવેલ હોઈ વંચાણે લીધેલ આમુખથી પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, અમદાવાદ ગ્રામ્ય ધ્વારા જરૂરી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત સાદર કરેલ છે.

જેથી આવી પ્રવૃત્તિ અટકાવવા સારૂ તેમજ મોટરીંગ પબ્લીકનું કામ સરળ અને નિયમોનુસાર ઝડપી થાય અને મોટરીંગ પબ્લીક લેભાગુ તત્વોથી છેતરાય નહીં અને બિનઅધિકૃત વ્યક્તિઓને કચેરીમાં અડચણરૂપ ન બને તો કર્મચારીઓ/અધિકારીઓ સ્વસ્થ ચિત્તે, ભયની લાગણી વગર ધારાધોરણ મુજબની કામગીરી તટસ્થતાપૂર્વક નિભાવી શકે અને સારા વાતાવરણમાં કાર્ય કરી શકે તે માટે અનઅધિકૃત વ્યકિત અથવા વ્યકિતઓની ટોળીને પ્રવેશતા અટકાવવા, ઉભા રહેવા તથા ઉપર દર્શાવેલ મુજબની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરતા અટકાવવા તથા આવી પ્રવૃત્તિઓ ઉપર પ્રતિબંધ મુકવો જાહેર જનતાના હિતમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪)થી મને મળેલ અધિકારની રૂએ નીચે મુજબ હુકમ ફરમાવું છુ.

-: જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર અને પ્રવૃત્તિ :-

મોજે.બાવળા, તા.અમદાવાદ ખાતે આવેલ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી (આર.ટી.ઓ કચેરી)ના મકાન સહિત સમગ્ર કમ્પાઉન્ડ વિસ્તારમાં, આ કચેરીમાં કામ કરતા સરકારી અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ, પોતાના સરકારી કામ માટે આવેલ હોય અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય તેવા અરજદારો/નાગરિકો સિવાયના અનઅધિકૃત વ્યક્તિ અથવા વ્યકિતઓની ટોળીને પ્રવેશતા અટકાવવા, ઉભા રહેવા તથા ઉપર દર્શાવેલ મુજબની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરતા અટકાવવા તથા આવી પ્રવૃત્તિઓ કરવા ઉપર

-: જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો :-

આ હુકમ તા.૨૦/૦૨/૨૦૨૫ થી તા.૨૦/૦૪/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

-: જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ :-

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે..

આજ તા. ૧૮/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

વંચાણે લીધુ :-

પો.ઈન્સ. એલ.આઈ.બી, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદના પત્ર ક્રમાંક એલ.આઈ.બી/ ઓટોરીક્ષા.કેબ.ટેક્ષી / જાહેરનામુ / ૭૮૧/૨૦૨૫, તા.૨૦/૦૨/૨૦૨૪

-: જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે.

નં.ડીસી/એમએજી/જાહેરનામા/ ઓટો રીક્ષા/કેબ/ટેક્ષી/એસ.આર.૩૦/૨૦૨૫- અમદાવાદ શહેર ઔધોગિક રીતે વિકસીત શહેર છે.જેથી શહેરમાં માર્ગો મારફતે જાહેર જનતાની અવર જવર મોટા પ્રમાણમાં થતી રહે છે. શહેરમાં આવતા જતા મુસાફરો ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીનો બહોળો ઉપયોગ કરે છે. ભુતકાળમાં ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીમાં મુસાફરી કરતા નાગરીકો સાથે છેતરપીડી, ખીસ્સા કાતરવા, મોબાઈલ ચોરી અન્ય કિંમતી સામાનની ચોરી, ચીલઝડપ, લુંટ/ઘાડ, મહીલા/બાળકોની છેડતી અને અપહરણ જેવા ગંભીર પ્રકારના બનાવો બનવા પામેલ છે. આવા બનાવોમાં ભોગ બનનાર નાગરીકો ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીના નંબર જાણતા નહી હોવાના કારણે ગુન્હાઓ વણશોધાયેલ રહે છે.

ઉપરોક્ત હકિકતો અને સૂચનો ધ્યાને લેતાં, અમદાવાદ ગ્રામ્યની હદ વિસ્તારમાં ચાલતી તમામ ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીમાં મુસાફરી કરતાં મુસાફરો સહેલાઈથી જોઈને વાંચી શકે તે રીતે વાહન ચાલકની સીટની પાછળના ભાગે વાહન નંબર, વાહન માલિકનું નામ તેમજ અમદાવાદ ગ્રામ્ય પોલીસ કંટ્રોલના નંબરો અને હેલ્પ લાઈન નંબરી ફરજીયાતપણે ઓઈલ પેઈન્ટ કે કાયમી માર્કર પેન દ્વારા (એક વાર લખ્યા પછી ભુસાય નહી તે પ્રકારનું લખાણ) લખવા, એ બાબતેનું જાહેરનામું બહાર પાડવાની જરૂર જણાય છે. (વાહન ચાલકો અમુક સમયે બદલાતા હોવાથી વાહન ચાલકનું નામ ભુસી શકાય તેવી સ્કેચ પેનથી લખવુ)

જેથી ઉપરોક્ત જણાવેલ વિગતો ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીના વાહન ચાલકની સીટ પાછળ દર્શાવવાથી લોકોના જાન અને સલામતીને થતુ જોખમ નિવારવા અને લોકોને સુરક્ષા પ્રદાન કરવાના હેતુસર જાહેર હિતમાં હું, બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ મને મળેલ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અંતર્ગતની સત્તા અન્વયે નીચે મુજબની બાબતોનો તમામ ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીના ચાલક તથા માલિક દ્વારા પાલન થાય તે માટેનો હુકમ કરૂ છું.

-: હુકમ :-

અમદાવાદ શહેરમાં ઓટો રિક્ષા/ટેક્ષી/કેબનું સંચાલન કરતા ઓટો રિક્ષા/ટેક્ષી/કેબનાં ચાલકો માલિકે વાહનમાં પેસેન્જર બેસવાની જગ્યાથી નજર સામે સ્પષ્ટ દેખાય તે રીતે વાહન ચાલકની સીટની પાછળના ભાગે અંગ્રેજી ભાષામાં વાહન નંબર, વાહન માલિકનું નામ, વાહન ચાલકનું નામ તેમજ અમદાવાદ શહેર પોલીસ કંટ્રોલના નંબરો અને હેલ્પ લાઈન નંબરો ૧૨ ઈંચ×૧૦ ઈંચની સાઈઝના બોર્ડ ઉપર આશરે ૧૩ m.m. એટલે કે કોમ્પ્યુટરની ૫૦ ની ફોન્ટ સાઈઝ તથા રજીસ્ટ્રેશન માહિતી નંબરની વચ્ચેની જગ્યા (સ્પેસ આશરે 30 m.m. ની રાખી ફરજીયાતપણે ઓઈલ પેઈન્ટ કે કાયમી માર્કર પેન દ્વારા (એક વાર લખ્યા પછી ભુસાંય નહી તે પ્રકારનું લખાણ) નીચે મુજબનું રહેશે. (વાહન ચાલકો અમુક સમયે બદલાતા હોવાથી વાહન ચાલકનું નામ ભુસી શકાય તેવી સ્કેચ પેનથી લખવુ)

Vehicle No. :
Owner's Name :
Driver's Name :
Police Helpline No. : 100
Women Helpline No. : 181
Traffic Helpline No. : 1095

-: અમલવારીનો સમય :-

આ હુકમ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના વિસ્તારમાં ભારતીય નાગરિક સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમય મર્યાદાને આધિન બે માસ માટે એટલે કે તા.૨૦/૦૨/૨૦૨૫ ના રાત્રી કલાક ૦૦/૦૦ થી તા.૨૦/૦૪/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

-: જાહેર વિજ્ઞાપન :-

તમામને વ્યકિતગત રીતે નોટીસોની બજવણી કરવી શક્ય ન હોઇ આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારું તેવી જાહેર જગ્યાઓએ નકલ ચોંટાડી તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટસ(ફેસબુક,એક્સ, ઈન્સ્ટાગ્રામ) તથા અમદાવાદ શહેર પોલીસની વેબસાઈટ ઉપર તથા સ્થાનિક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં સિનિયર પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશનર, નાયબ પોલીસ કમિશનર તેમજ પોલીસ કમિશનર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

-:શિક્ષા:-

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેક્ટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સહિંતા - ૨૦૨૩ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એક્ટ એક્ટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૮/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/ગોડાઉન/એસ.આર.-૩૯/૨૦૨૫.–અમદાવાદ ગ્રામ્ય જિલ્લા વિસ્તારમાં અસલાલી, સાણંદ, ચાંગોદર, ધોળકા, વીરમગામ ટાઉન, બોપલ વિગેરે પો.સ્ટે. વિસ્તારોમાં મોટા ગોડાઉનો આવેલા છે. જે તમામ ગોડાઉનો હાલમાં કાર્યરત છે. જે ગોડાઉનોમાં બહારથી માલસામાન લાવી સંગ્રહ કરવામાં આવે છે. અને આ ગોડાઉનોમાં કામ કરતા મોટા ભાગના પર પ્રાંતના ઈસમો હોય છે. જે ગોડાઉન તેમજ ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલ છે. અને આ ગોડાઉનો ઉપર વોચમેનોની સંખ્યા નહિવત હોવાને કારણે ચોરી લૂંટ તથા ધાડ જેવા ગોડાઉનમાં સલામતિ બાબતે સિકયુરીટી ગાર્ડ (વોચમેન) રાખવામાં આવે તેની વિગતો સંબંધિત પો.સ્ટે.માં જાણ કરવા અંગે તેમજ ગોડાઉનની અંદર તથા બહારના ભાગે બહારથી આવતા તથા જતા વાહનોની નંબર પ્લેટ અને તેમાં બેઠેલ વ્યકિતઓ સ્પષ્ટ રીતે દેખાય તે રીતેની ગુણવત્તા ધરાવતા સી.સી.ટી.વી. કેમેરા ફરજીયાતપણે લગાવવા અને તેનો ફૂટેજ દિન-૩૦ સુધી સંગ્રહ કરવાનો રહેશે. આથી આવી પ્રવૃત્તિ આચરતા ઈસમો તેમજ આવા ઈસમોને લાવનાર મુકાદમો અથવા કોન્ટ્રાકટરો ઉપર આવશ્યક નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, બી.આર.સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસૂલી વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા હુકમ બહાર પાડું છું.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતા-૨૦૨૩ ની કલમ- ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ-૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૨૦/૦૨૨૦૨૫ થી તા. ૨૦/૦૪/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા ૧૮/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અનવયે

નંબર ડીસી/પીઓએલ/એમએજી/ઘરઘાટી/એસ.આર.-૩૩/૨૦૨૫.–અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ચોરી, લુંટ, ખૂન જેવા ગુનાઓમાં ઘરઘાટીની સંડોવણી જણાયેલ છે. જે જોતાં ઘરઘાટીઓ જાહેર સુલેહ શાંતિને કેટલાક માણસોની જિંદગી ખુવારી તથા લોકોની સંપત્તિને નુકસાન પહોંચાડી રહેલ છે. મહદ અંશે ઘરઘાટીઓ પરપ્રાંતના હોય છે અને ગુનો કરી જતા રહેતા હોય છે અને તેઓ વિશે માલિક પાસે અગર તો પોલીસ પાસે માહિતી હોતી નથી. પરિણામે તેઓને પકડવામાં મુશ્કેલ ભર્યું બને છે. જેથી ઘરઘાટી તરીકે નોકરીએ રાખતાં માલિકો ઉપર થોડુ નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, બી.આર.સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું, કે અમદાવાદ જિલ્લાના પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરના હકુમત સિવાયના સમગ્ર મહેસુલી વિસ્તારમાં કોઈ મકાન માલિક/મકાન ભાડુઆત જ્યારે કોઈ વ્યક્તિને ઘરઘાટી તરીકે કામ ઉપર રાખે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને તેવા કામ ઉપર રાખી શકશે નહીં અને માલિકે આ બાબતે નીચેના કોલમ મુજબની માહિતી ઘરઘાટીના ફોટોગ્રાફ સાથે સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

(૧) ઘરઘાટીનું પુરૂં નામ :

(૨) ઘરઘાટીનું સરનામું તથા તેની સાથેના માણસોની વિગત :

(૩) જેના ઘરે ઘરઘાટી તરીકે કામ કરતાં હોય તે માલિકનું નામ સરનામું (બે, ત્રણ તમામ માલિકોના નામ, સરનામાં તથા ઘરઘાટી તરીકેનો સમયગાળો)

(૪) બાંહેધરી અગર જેના મારફતે ઘરઘાટી તરીકે રાખેલ હોય તેનું નામ, સરનામું :

(૫) અગાઉ ઘરઘાટી તરીકે કામ કરેલ હોય તે માલિકનું નામ, સરનામું :

(૬) ઘરઘાટીનાં ઓળખીતાનાં નામ અને સરનામું તથા ટેલીફોન નંબર :

(૭) ઘરઘાટીનાં વતનનું સરનામું પોલીસ સ્ટેશન સહીત તથા વતનમાં રહેતાં તેના ભાઈ-બહેન, માતા- પિતાના નામો :

(૮) ઘરઘાટી પરણિત હોય તો સાસરીનું સરનામું :

(૯) ઘરઘાટી ચહેરા નિશાન, ઉમર, વર્ષ, ઉંચાઈ વર્ણન, અભ્યાસ વિગેરે (ઓળખી શકાય તેવી નિશાની) :

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય દંડ સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ ગુજરાત પોલીસ એકટ કલમ-૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૫ થી તા. ૨૦મી એપ્રિલ, ૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અનવયેનો

નંબર.ડીસી/એમએજી/જાહેરનામું/ધ્વનિ પ્રદૂષણ/એસ.આર.૩૬/૨૦૨૩.-પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હુકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં જાહેર સ્થળોએ સામાજિક તથા ધાર્મિક પ્રસંગો તેમજ રાજકીય પ્રસંગો દરમ્યાન ધ્વનિ પ્રદુષણ થતુ હોવાથી ઘોંઘાટ ઉત્પન્ન કરતા સાધનો જેવા કે ડી.જે. સાઉન્ડ સિસ્ટમ પર અંકુશ લાવવું જરૂરી છે. તેમજ અમદાવાદ જિલ્લાના ઉક્ત વિસ્તારમાં કોઈપણ પ્રકારની જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ, સલામતિ અને કાયદા પ્રત્યે માન જળવાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે જરૂરી હોય જાહેરનામું બહાર પાડવા જરૂરી જણાય છે.

દરેક માઈક સીસ્ટમવાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમકોર્ટના વખતોવખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં. ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનિટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/ તા.૧૪/૫/૨૦૧૦ થી ઘોંઘાટ ઉત્પન્ન કરતા અને નિપજાવતા સ્ત્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો ૨૦૦૦ નું તા. ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા.૧૧/૧/૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદૂષણ નિયમો, ૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

નોઈઝ સ્ટાન્ડર્ડ

એરીયા કોડ વિસ્તાર		ડેસીબલ DB(A) Leq	
		સવારના ક.૬-૦૦ થી રાત્રીના ક.૨૨-૦૦	રાત્રીના ક.૨૨-૦૦ થી સવારના ક.૬-૦૦
એ	ઔદ્યોગિક	૭૫	૭૦
બી	વાણિજ્ય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા ફુટવાના કારણે અને નવરાત્રીના તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે. તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગિક પ્રવૃત્તિ, વાહનોની અવર-જવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે પણ ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે.

તા. ૧૧-૧-૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આકર્ષક બાબતો નીચે મુજબ છે.

(અ) રાત્રીના સમયગાળામાં રાત્રિના ક.૨૨-૦૦ થી સવારના ક.૦૬-૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતા બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજિંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નક્કી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર દ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્પન્ન થતાં અવાજની માત્રા જેતે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જેતે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

હુકમ

આથી હું બી આર.સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું

પ્રતિબંધિત કૃત્યો

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલિક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર વડોદરા શહેરના પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાંકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકશે નહીં.

૧. હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહીં.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગાયનોનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબા જાહેર માર્ગમાં રોકાઈને કરવા નહીં.

૪. ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાન્ડર્ડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાન્ડર્ડ હોવુ જોઈએ તે જોતા ડી. જે. સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ જોગવાઈઓનો ઉલ્લંઘન કરતા હોય તેવુ જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોક્ત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

માઈક અને ડી. જે. સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો :

(૧) માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલિકે/ભાગીદારે પરવાનગી અરજી જે તે વિસ્તારના મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની કચેરીએ કરી, દિન-૭ પહેલા કરી પૂર્વ મંજૂરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે. શરતોનો ભંગ થયે પરવાનગી આપોઆપ રદ બાતલ થયેલ ગણાશે.

(૨) વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોક્ત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદાર/પરવાનગી લેવા માટે આવનાર વ્યક્તિની રહેશે.

(૩) ડી. જે. સિસ્ટમના માલિક કે જે આ સિસ્ટમ ભાડે આપે છે, તેઓએ નજીકના પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવવાની રહેશે.

(૪) પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તારની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહીં. તેમજ અવાજનુ પ્રદૂષણ ફેલાવી શકાશે નહી.

(૫) પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યક્તિની તેના ઉપર સહી હોવી જોઈએ.

(૬) પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહીં તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેકબુદ્ધિ અનુસાર આપી શકશે.

(૭) અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોક્ત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

(૮) માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ ઉપરોક્ત અવાજની માત્રા દર્શાવતા શીડ્યુલ પ્રમાણે સવારના ક. ૬-૦૦ થી રાત્રિ કલાક ૨૨-૦૦ સુધી જ થશે.

(૯) અવાજ પ્રદૂષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાતના કલાક ૧૦-૦૦ થી વહેલી સવારના કલાક ૬-૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

નોંધ :-ઉપરોક્ત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નક્કી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના કલાક ૧૦-૦૦ ના જગ્યાએ કલાક ૧૨-૦૦ વાગ્યા સુધી મળી શકશે.

(૧૦) કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ / અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોક્ત જણાવેલ શીડ્યુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે. તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

નોંધ :-કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

(૧૧) મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સિસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.

(૧૨) ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી/સરકારશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં. અથવા ચલાવવો નહી.

(૧૩) માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યક્તિ, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી તરફથી અધિકૃત કરેલ કોઈપણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા માટે મનાઈ કરવાનો હુકમ કરી શકશે.

(૧૪) ફરજ પરનાં પોલીસ અધિકારી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસર કાર્યવાહી કરી શકશે.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૨૦/૦૨/૨૦૨૫ના ૦૦.૦૦ કલાક થી તા.૨૦/૦૪/૨૦૨૫ના ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

વિસ્તાર

પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામા હુકમનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ગુનો નોંધી ઉપરોક્ત માલિક, ભાગીદાર, મેનેજર, સંચાલકની જામીન લાયક ગુના માટે ધરપકડ કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

આ હુકમ અન્વયે અમદાવાદ પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા પોલીસ અધિક્ષકશ્રીના દરજાથી પોલીસ સબ ઈન્સપેકટર સુધીના હોદા ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીત ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદો માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૮મી ફેબ્રુઆરી, ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે હુકમ કરવામાં આવ્યો.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

નં. ડીસી/પીઓએલ/એમએજી/ભંગારીયા ધંધો/એસ.આર.-૩૭/૨૦૨૫.–અમદાવાદ ગ્રામ્ય જિલ્લો અમદાવાદ શહેરને અડીને આવેલો છે, જેના કારણે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો અમદાવાદ શહેરને સંલગ્ન છે. તેમજ અત્રેના જિલ્લામાં ઈન્ડસ્ટ્રીયલ એરીયા આવેલ હોય જેમાં બોપલ, સાણંદ, સાણંદ જી.આઈ.ડી.સી., વિરમગામ જી.આઈ.ડી.સી., અસલાલી જી.આઈ.ડી.સી., ચાંગોદર જી.આઈ.ડી.સી., બાવળા જી.આઈ.ડી.સી. આવેલ છે. અમદાવાદ શહેરની બોર્ડર ઉપર આવેલ અમદાવાદ ગ્રામ્ય જિલ્લાના પો. સ્ટે. વિસ્તારમાં ધાડ, લૂંટ, ઘરફોડ ચોરી, ચોરી જેવા મિલકત સંબંધી ગુનાઓ અવાર નવાર બનવા પામે છે. જે મિલકત સંબંધી ગુનાઓ બનવા પાછળના કારણો પૈકીનું એક કારણ ભંગારનો ધંધો કરતા માણસો હોય છે. મોટા ભાગના ભંગારનો ધંધો કરનાર તેમજ ભંગારની ફેરી કરનાર માણસો બહારના રાજયોના વતનીઓ હોય છે. અને આવા ઈસમો ગુનો કર્યા પછી પોતાના વતનમાં જતા રહેતા હોય છે. જેના કારણે તેઓને પકડવામાં પણ મુશ્કેલી પડે છે. અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ચોરી, ધાડ, લૂંટ, મિલકત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલ છે. જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ અમદાવાદ જિલ્લા વિસ્તારમાં ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો ઉપર કાયદાકીય અને વ્યાજબી નિયંત્રણ જરૂરી છે. જે અર્થે તેઓ પોતાનો ધંધો કરે છે, પરંતુ અમુક ચોક્કસ શરતોને ધ્યાને રાખીને અને તેનું પાલન કરીને કરે જેથી કાયદો અને વ્યવસ્થાની પ્રક્રિયામાં અડચણરૂપ ન બને તે માટે ચોક્કસ શરતોનું ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો દ્વારા પાલન થાય તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી છે. તેથી નીચે મુજબની શરતો તમામ ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો પાલન કરીને ધંધો કરે/કરાવે તે જરૂરી છે.

જેથી હું, બી.આર.સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસૂલી વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા હુકમ બહાર પાડું છું.

(૧) ભંગારનો ધંધો કરતા ઈસમો જે જગ્યાએ ધંધો કરે છે, તે જગ્યા જો પોતાની માલિકીની હોય તો માલિકી પણાના દસ્તાવેજો અને જો ભાડાની જગ્યા હોય તો ભાડા કરાર કરીને રાખવાના રહેશે અને જમીનના માલીકનું ધંધા અંગેનું સંમતીપત્ર મેળવવાનું રહેશે. તેમજ ગેરકાયદેસર જમીનમાં ભંગારનો ધંધો કરી શકશે નહી.

(૨) ભંગારનો ધંધો કરતા ઈસમો ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ પોતે મુળ વતની હોય ત્યાંથી પોલીસ કલીયરન્સ સર્ટી. લાવીને રાખવું તેમજ જે જગ્યાએ હાલમાં રહેતા હોય ત્યાંનું પણ પોલીસ કલીયરન્સ સર્ટી. મેળવી રાખવાનું રહેશે.

(૩) ભંગારના ધંધામાં જેટલા માણસો કામે રાખેલ હોય તેઓના મુળ વતનના તેમજ જ્યાં રહેતા હોય ત્યાંના પોલીસ કલીયરન્સ સર્ટી. મેળવી રાખવાના રહેશે.

(૪) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમો જે વિસ્તારમાં ભંગારનો ધંધો કરતા હોય તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આઈ.ડી. પ્રુફની નકલ આપવાની રહેશે.

(૫) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ કોઈ ગુનાને લગતો અથવા શક પડતો મુદ્દામાલ તેઓના ઉપર આવે ત્યારે તુરંત જ પોલીસને તે બાબતની જાણ કરવાની રહેશે.

(૬) ભંગારનો ધંધો કરતા ઈસમો, ભંગારની ફેરી કરતા ઈસમો તથા ભંગારના ધંધા સાથે સંકળાયેલ ઈસમોએ પોતે ભંગાર જેની પાસેથી ખરીદેલ છે તે વ્યકિતના આઈ.ડી. પ્રુફની વિગત તથા જથ્થાની વિગત વર્ણન સાથે તથા તેના કોન્ટેકટ નંબરની માહિતી દર્શાવતું રજિસ્ટર નિભાવવાનું રહેશે.

(૭) જ્યારે કોઈપણ વાહન વેચાવવા આવે ત્યારે આવા વાહનની અસલ આર.સી. બુક વિના વેચાણ કે ખરીદી કરી શકશે નહી તથા આવા વાહનના એન્જીન નંબર તથા ચેચીસ નંબર અને રજિસ્ટ્રેશન સાથેની માહિતીની તાત્કાલીક પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

(૮) આ જાહેરનામું બહાર પડયા પછી તેની શરતોનો ભંગ થવાથી પોલીસ અધિકારી જરૂરી કાયદેસરની કાર્યવાહી કરી શકશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ-૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૫ થી તા. ૨૦મી એપ્રિલ, ૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

નંબર ડીસી/પીઓએલ/એમએજી/મકાન ભાડે/એસ.આર.૩૧/૨૦૨૫.-ગુપ્તચર સંસ્થાઓના અહેવાલ અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્ત્વો અમદાવાદ શહેરના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતિ અને શાંતિનો ભંગ કરવાની તેમજ માનવ જીંદગીની ખુંવારી થાય તેમજ લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે. જેથી પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં પણ આશરો મેળવી આવી પ્રવૃત્તિ કરી શકે તેવું સંભવી શકે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા તત્ત્વો કોઈના રહેણાંકના મકાન ઉપરાંત ઔદ્યોગિક વિસ્તારોના મકાનો તથા એકમો ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહીતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. તેવું દેશના અમુક પ્રદેશોમાં બનવા પામ્યાના અહેવાલો છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર આવશ્યક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું બી.આર.સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂઈએ આથી હુકમ કરૂં છું કે, પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી

વિસ્તારમાં કોઈ રહેણાંકના મકાન તથા ઔદ્યોગિક વિસ્તારના મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને ભાડે આપી શકશે નહિં. ભાડે આપેલ મકાનની વિગત ભાડે રાખનાર અને એજન્ટ કે જેઓએ ભાડે રાખનારની ઓળખાણ આપેલ હોય તે અંગેની નીચે મુજબના પત્રક-અ માં જરૂરી માહિતી સાથે લેખિત જાણ સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરશે તથા જ્યારે જ્યારે કોઈ મકાન માલિક/એજન્ટ/બ્રોકર કોઈ મકાનની લે-વેચ કરશે કે કરાવશે કે ભાડેથી મકાન અપાવશે તેની સંપૂર્ણ વિગતોનું રજિસ્ટર નિભવશે. જેમાં થયેલ વ્યવહાર સાથે સંકળાયેલ પક્ષકારોની સંપૂર્ણ ઓળખ સહિતનો બાયોડેટા ફોટો સહીત રાખી નીચેના પત્રક-અ મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે. તથા એક નકલ સંબંધકર્તા તાલુકા મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીને આપવાની રહેશે.

પત્રક-અ

મકાન ભાડે આપતા પહેલા સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની માહિતીનું પત્રક

અ.નં.	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ અને સરનામું	મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું નક્કી કરેલ છે તે રકમ (₹)	કંઈ વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમનો સંપૂર્ણ બાયોડેટા ફોટોગ્રાફ સહીત જેમાં ભાડુઆતનું નામ મૂળ રહેવાસી, ધંધો ધંધાનું સ્થળ તેની ઓળખ અંગેના પુરાવાની વિગત વગેરે	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિ, એજન્ટ, બ્રોકરની તમામ વિગતો	અન્ય વિગત
૧	૨	૩	૪	૫	૬	૭

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ-૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૫ થી તા. ૨૦મી એપ્રિલ, ૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/મજુર/એસ.આર.-૩૮/૨૦૨૫.– અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં તથા બોપલ પો.સ્ટે. વિસ્તારમાં અવારનવાર ધાડ, લુંટના ગંભીર બનાવો બનવા પામેલ હોઈ અને બોપલ પો.સ્ટે. વિસ્તારમાં ગુજરાત રાજ્યની બહારના મજુરો મજુરી કરવા માટે આવતા હોઈ અને મોટા ભાગે આ મજુરો કડીયાકામની મજુરી કામ માટે આવતા હોય છે. બોપલ પો.સ્ટે. વિસ્તારમાં હાલમાં ઘણી જગ્યાએ નવા મકાનોનું બાંધકામ ચાલુમાં હોઈ રાજ્યના તેમજ રાજ્ય બહારના મોટા ભાગના મજુરો આ કડીયાકામની મજુરી તથા કલર કામની મજુરી માટે આવતા હોય છે અને મજુરો જે તે સાઈટો ઉપર જ રહેતા હોય છે. આ મજુરોને આ કામ માટે જે તે વિસ્તારના મુકાદમો અથવા સાઈટના કોન્ટ્રાકટરો લાવતા હોય છે. પરંતુ તેઓની નોંધણી પો.સ્ટેશનમાં કરાવતા નથી. રાજ્યના તથા રાજ્ય બહારના આવા મજુરો જ્યાં રહેતા હોય છે તે જગ્યા તેમજ તેની આજુબાજુના વિસ્તારોનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને લુંટ, ધાડ, ઘરફોડ, ચોરી જેવા ગંભીર પ્રકારના ગુના આચરતા હોય છે. અગર ગંભીર પ્રકારના ગુનામાં મદદગારી કરતા હોય છે. આથી આવી પ્રવૃત્તિ આચરતા ઈસમો તેમજ આવા ઈસમોને લાવનાર મુકાદમો અથવા કોન્ટ્રાકટરો ઉપર આવશ્યક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું, બી.આર.સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) સાઈટ ઉપર આવનાર દરેક મજુર/કારીગરો ના નામ/સરનામા અંગેની રજિસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી/અંગુઠાનું નિશાન કોન્ટ્રાકટર દ્વારા મેળવવામાં આવે.

(૨) આ રજિસ્ટરમાં પુરૂષ મજુરના ડાબા હાથના અંગૂઠાનું અને સ્ત્રી મજુરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવામાં આવે.

(૩) દરેક મજુર/કારીગર પોતાની સંપૂર્ણ ઓળખ, નામ/સરનામું, ટેલિફોન નંબર, મોબાઈલ નંબર તેમજ તેઓના પરિચીત/સગા/ઓળખીતાનું નામ, સરનામું/ ટેલિફોન/મોબાઈલ નંબરની વિગતો આ રજિસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજિયાત પણે કરાવી તેમજ આ હકીકત નોંધવાની જવાબદારી કોન્ટ્રાકટરની નિયત કરવામાં આવે.

(૪) મજુર/કારીગરના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ) ની ફોટોકોપી સાઈટના સ્થળે ફરજીયાત રાખવી.

(૫) અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ કામગીરીના દરેક સાઈટ ઉપર મજુર/કારીગરની નોંધણી કર્યા બાબતની માહિતી પોલીસ સ્ટેશનમાં નિયમિત આપવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ-૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૫ થી તા.૨૦/૦૪/૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા. ૧૮મી એપ્રિલ, ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક ડીસી/પીઓએલ/એમએજી/મોબાઈલ શોપ/એસ.આર.૩૫/૨૦૨૫.-હાલના સંજોગોમાં મોબાઈલ ફોનનો ઉપયોગ ઘણો વધેલ છે અને આરોપીઓ તરફથી ગુનો કરવામાં પણ મોબાઈલ ફોનનો ઉપયોગ થાય છે. ચોરી, ધાડ, લૂંટ, ધાક, ધમકી, ખંડણી ઉઘરાવવામાં તેમજ આતંકવાદી પ્રવૃત્તિ વિગેરે ગુનાઓમાં તેમજ છેડતી, રોમીયોગીરી, ફોન ઉપર બિભત્સ વર્તન તેમજ અમુક પ્રકારના સ્પેશ્યલ ગુના કરવાના ઈરાદે જુનો મોબાઈલ/ સીમકાર્ડ ખરીદ કરી ગુનો આચરવામાં આવે છે. આવા ગુનાઓની તપાસ દરમ્યાન IMEI નંબરનું ટ્રેકીંગ કરીને ગુનાના મુળ સુધી પહોંચવા પ્રયત્નો કરવામાં આવે ત્યારે જુના મોબાઈલ/સીમકાર્ડની લે-વેચ કરતા દુકાનદારોએ અજાણ્યા માણસ પાસેથી ખરીદેલાનું અગર તો અજાણ્યા માણસને વેચેલાનું જાણવા મળે છે અને મૂળ આરોપી સુધી પહોંચી શકાતું નથી તેમજ ઘરફોડ ચોરીના ગુનાઓમાં ચોરીમાં ગયેલ મોબાઈલ ફોન વાપરનાર સુધી પહોચવામાં આવે તે વખતે પણ મોબાઈલની દુકાનમાંથી ખરીદેલાનું જણાવે છે. અને મોબાઈલ દુકાનદારે ખરીદ કરતી વખતે મોબાઈલ ફોન વેચવા આવનારની કોઈ માહિતી નહી મળતી હોવાનું જાણવા મળે છે. જેથી જુના મોબાઈલ ફોન ખરીદનાર અને વેચનાર વેપારીઓ તથા સીમકાર્ડ વેચનાર વિક્રેતા તરફથી જુના મોબાઈલ તથા વ્યક્તિની સંપૂર્ણ માહિતી તેમજ વેચવામાં આવેલ મોબાઈલ ઈન્સ્ટ્રુમેન્ટ/સીમકાર્ડની સંપૂર્ણ માહિતીનું રજિસ્ટર નિભાવવું ખૂબ જ જરૂરી છે જેથી પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના મહેસુલી વિસ્તારમાં મોબાઈલ ફોનના ઉપયોગથી થતી ગુનાખોરી અટકાવવા જાહેર જનતાની જાનમાલ મિલકતની સલામતિ અને સુરક્ષા માટે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી તેમજ જાહેર વ્યવસ્થાની જાળવણી હેતુ અન્વયે અત્રેના જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નિયંત્રણો અમલમાં મુકવાનું મને જરૂરી જણાય છે.

આથી, હું, બી.આર.સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩થી અન્વયે અમોને મળેલ અધિકારની રૂઈએ નીચે મુજબના નિયંત્રણ અવશ્ય પાલન કરવા આથી આદેશ ફરમાવું છું.

પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના સમગ્ર અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસૂલી વિસ્તારનાં વેપારીઓએ જુનો મોબાઈલ ખરીદતી અને વેચાણ વખતે મોબાઈલની વિગત, કંપની, આઈ.એમ.ઈ.આઈ. નંબર, મોબાઈલમાં અગાઉ ઉપયોગમાં લેવાયેલ નંબર, મોબાઈલ/ સીમકાર્ડ વેચનાર અને ખરીદનારનું નામ, સરનામા તથા સંપર્કની વિગત, આઈ.ડી. પ્રુફની વિગત, મોબાઈલ/સીમકાર્ડ વેચનાર અને ખરીદનારના તાજેતરના ફોટા સાથેની સંપૂર્ણ વિગત સાથેનું નીચે દર્શાવેલ કોલમ મુજબનું રજિસ્ટર અલગ-અલગ નિભાવવાનું રહેશે.

જુના મોબાઈલ ખરીદતી અને વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અનું. નં.	મોબાઈલ વેચનાર અને ખરીદનારનું નામ, સરનામા તથા કોન્ટેક નંબરની વિગત	મોબાઈલની વિગત/ કંપની	IMEI નંબર	મોબાઈલમાં અગાઉ ઉપયોગમાં લેવાયેલ નંબર	આઈ. ડી. પ્રુફની વિગત	મોબાઈલ વેચનાર અને ખરીદનારનો તાજેતરનો ફોટો
૧	૨	૩	૪	૫	૬	૭

નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અનું. નં.	સીમકાર્ડની વિગત/ કંપનીનું નામ	સીમકાર્ડ નંબર અને તેનો મોબાઈલ નંબર	સીમકાર્ડ ખરીદનારનું નામ અને સરનામું	સીમકાર્ડ ખરીદનારના ફોટાવાળા આઈ.ડી. પ્રુફની વિગત	સીમકાર્ડ ખરીદનારની સહી
૧	૨	૩	૪	૫	૬

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા ગુજરાત પોલીસ એકટ કલમ-૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૫ થી તા. ૨૦મી એપ્રિલ, ૨૦૨૫ સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે.

નં.ડીસી/પીઓએલ/એમએજી/શસ્ત્રો/હથિયાર/એસ.આર.-૨૯/૨૦૨૫.—આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે હું, બી.આર.સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ ગુજરાત પોલીસ અધિનિયમ ૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલ/સોટી, બંદુક, ખંજર, શસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક, શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકસાન પહોંચાડવાના ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(૨) કોઈપણ રીતે શરીરને હાનિકારક એવી કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું,

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠાં કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અથવા પેટાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાદ્ય વગાડવાની,

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેરખબરો, અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતિ જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તે ચાળા વગેરે કરવાની અને તે ચિત્રો નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

અપવાદ

આ હુકમનો નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરો અથવા કામગીરીમાં હોય તેમજ ઉપરી અધિકારીશ્રીએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિ. સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવી. મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા. ૦૫મી માર્ચ, ૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી (બન્ને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેનો.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/સભા-સરઘસ/એસ.આર-૨૮/૨૦૨૫.- આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે હું, બી. આર સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, અમદાવાદ, ગુજરાત પોલીસ અધિનિયમ, ૩૭(૩) થી મને મળેલ અધિકારીની રૂઈએ ફરમાવું છું કે, નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તારીખ ૧૯/૨/૨૦૨૫ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૦૫/૦૩/૨૦૨૫ ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર : અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસૂલી વિસ્તાર.

ખુલાસો : આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથ, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ : આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય અથવા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિકારીશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા. ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા. ૦૫મી માર્ચ, ૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી (બન્ને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે.

નંબર ડીસી/પીઓએલ/એમએજી/સાયબર કાફે/એસ.આર.-૩૨/૨૦૨૫.– તારીખ ૧૩મી જુલાઇ, ૨૦૧૧ના રોજ મુંબઈ શહેરમાં થયેલ સીરીયલ બોમ્બ ધડાકાના અનુસંધાને તેમજ સીમી જેવી પ્રતિબંધિત સંસ્થાના સભ્યોની તેમજ ભયજનક વ્યક્તિઓની સંભવિત હરકતોને અનુલક્ષીને આતંકવાદીઓ કોમ્પ્યુટર નેટવર્ક દ્વારા આવા કૃત્યોને અંજામ આપતા હોવાનું જાણવા મળેલ છે. તેમજ અત્રેથી સાયબર કાફે ચલાવવા માટે લાયસન્સ આપવામાં આવતા હોઈ હાલના સમય અને સંજોગો જોતા સાયબર કાફે દ્વારા નિયમોનું પાલન કરવામાં આવે છે કે નહીં તે બાબતની ચકાસણી કરવા તથા સાયબર કાફેના ચેકીંગ દરમ્યાન રાષ્ટ્રીય સુરક્ષા સલામતિ માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્રહિતમાં મેળવવા માટે પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે માટે અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ચાલતા સાયબર કાફે માટે નિયંત્રણો મુકવા જરૂરી

છે.

જેથી હું, બી.આર.સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

(૧) સાયબર કાફેમાં આવનાર દરેક ઈસમના તેમના જ હસ્તાક્ષરમાં રજિસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી મેળવવામાં આવે.

(૨) આ રજિસ્ટરમાં આવનાર ઈસમની સહી સાથે પુરૂષ મુસાફરના ડાબા હાથનો અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગૂઠાનું નિશાન લેવામાં આવે.

(૩) દરેક મુસાફર પોતાની સંપૂર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર તેમજ સાયબરકાફેથી નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચીત/સગા/ઓળખીતાનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબરની વિગતો આ રજિસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજીયાત પણે કરાવવી તેમજ આ હકીકત નોંધાવવાની જવાબદારી સાયબર કાફેના સંચાલક/માલિકની નિયત કરવામાં આવે.

(૪) સાયબર કાફેમાં આવનાર દરેક ઈસમના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, કચેરીનું આઈ. કાર્ડ, વિ.)ની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી સાયબર કાફેના દફ્તરમાં રાખવી.

(૫) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ તમામ સાયબર કાફે જે તે સાયબર કાફે લાયસન્સમાં નોંધવામાં આવેલ માલિક સિવાય કોઈએ સંચાલન કરવું નહીં તેમજ આવી સાયબર કાફે કોઈપણ પ્રકારના દિવાની હક્ક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરો ખતથી ચલાવવા આપવી વિગેરે અન્ય કોઈ વ્યક્તિને સુપ્રત કરવા માટે મનાઈ જાહેર કરવામાં આવે છે.

(૬) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ સાયબર કાફેના માલિક તેમજ મેનેજર/તમામ કર્મચારીઓના નામ, સરનામું, નજીકના સગાની વિગતો, આંગળાની છાપો, વિગેરેની હકીકતો તેમજ આવી સાયબર કાફેની અન્ય સાથી (SISTER CONCERN) કયા કયા સ્થળે આવેલ છે તેમના માલિક/મેનેજર/સંચાલકના નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબરની લેખિત માહિતી અત્રેથી નિયત કરેલ પત્રકમાં સંબંધિત પોલીસ સ્ટેશન, સંબંધકર્તા સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ તથા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટને ફરજિયાત આપવી.

(૭) સાયબર કાફે ખાતે સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે.

(૮) સાયબર કાફે ખાતે અધિકૃત અધિકારી તપાસણી કરવા આવે તો તપાસણી કરવા દેવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિત ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ-૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૫ ના કલાક થી તા. ૨૦મી એપ્રિલ, ૨૦૨૫ ના કલાક સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે

નંબર ડીસી/પીઓએલ/એમએજી/સીસી ટીવી કેમેરા/એસ.આર.૪૧/૨૦૨૫.–ગુજરાત રાજ્ય તથા અમદાવાદ શહેરમાં ભુતકાળમાં શ્રેણી બદ્ધ બોમ્બ ધડાકા કરી જાનહાની તેમજ મિલકતોને હાની પહોંચાડનાર રાષ્ટ્ર વિરોધી તત્ત્વો રાજ્ય બહારથી આવી ખાસ કરીને ભીડભાડવાળા વિસ્તારોથી માહિતગાર થઈને વાહનો તેમજ આવા તત્ત્વો બોમ્બ ધડાકા, ચોરી, ધાડ, લૂંટના ગુનાઓ કર્યા બાદ અમુક અંતરે જઈ પેટ્રોલ પંપ ઉપર બળતણ ભરાવતા અથવા તો હોટલો પર ચા-પાણી કરતા તથા જમતા હોવાનું તથા ટોલપ્લાઝા ઉપરથી વાહનો દ્વારા પસાર થતા હોય છે.

જિલ્લામાં થતા આવા ગુના અટકાવવા તથા વણ શોધાયેલ ગુનાઓ શોધવા માટે મહત્વની કડી બને તે માટે પેટ્રોલ પંપો, હોટલો તેમજ જાહેર અવર-જવર વાળા વિસ્તારો ઉપર જગ્યાઓ ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) રેકોર્ડીંગ સિસ્ટમ સાથે મુકવામાં આવે

તો ગુનેગારો, ગુનામાં વપરાયેલ વાહનો આઈન્ડેન્ટીફાઇ કરીને ગુનેગાર વિરૂધ્ધ કોર્ટ સમક્ષ સબળ પુરાવો મૂકી શકાય આથી પેટ્રોલ પંપો, હોટલો કે જાહેર સ્થળોએ તથા ટોલપ્લાઝા ઉપર સી.સી.ટી.વી. કેમેરે રેકોર્ડિંગ સિસ્ટમ સાથે રાખવાનું જરૂરી જણાતું હોઈ,

હું, બી.આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, (અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે થી મને મળેલ અધિકારની રૂઈએ આથી હુકમ કરૂ છું કે, પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તારની હકુમતમાં આવેલ તમામ પેટ્રોલ પંપ, શોપીંગ સેન્ટર, કોમર્શિયલ સેન્ટર, હોટલ, ગેસ્ટ હાઉસ, અતિથિગૃહ, વિશ્રામ ગૃહ, બહુમાળી બિલ્ડીંગ, વધારે ભીડભાડવાળા વિસ્તારો તેમજ ટોલ પ્લાઝાના માલિકો/ઉપભોગતા/વહીવટ કર્તાઓએ ગાડીના નંબર દેખાય, ડ્રાઇવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યકિતનું રકોર્ડીંગ થાય, આવતી જતી વ્યકિતઓ તથા વાહનોની ઓળખ થઇ શકે તે રીતે અને ૧૫ દિવસ સુધી રેકર્ડીંગ રહી શકે તેવી વ્યવસ્થા સાથેના સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઈ ડેફીનેશન) રેકોર્ડિંગ સીસ્ટમ સાથે પુરતા પ્રમાણમાં ગોઠવવા આથી હુકમ કરૂ છું.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિત ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ-૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૫ ના કલાક થી તા. ૨૦મી એપ્રિલ, ૨૦૨૫ ના કલાક સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે

નં.ડીસી/પીઓએલ/એમએજી/હોટલ/એસ.આર.૪૦/૨૦૨૫.–ગુજરાત રાજ્ય તથા અમદાવાદ શહેરમાં ભૂતકાળમાં શ્રેણી બદ્ધ બોમ્બ ધડાકા, આતંકવાદી હુમલા તેમજ આગામી દિવસોમાં નાતાલ, ઉતરાયણ(મકર સંક્રાતિ) જેવા તહેવારો આવતા હોઈ ભયજનક વ્યક્તિ/સંભવિત આતંકવાદીઓની હરકતોને અનુલક્ષીને વાહન, હોટલ, પી.સી.ઓ. કોલ્સ સેન્ટર, સાયબર કાફે, ટ્રાન્સપોર્ટ કંપનીના ગોડાઉન, સંવેદનશીલ જગ્યાઓ તથા દરિયા કાંઠાના ચેકિંગ દરમ્યાન રાષ્ટ્રીય સુરક્ષા સલામતિ માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્ર હિતમાં મેળવવા માટે પોલીસતંત્ર અસરકારક કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે માટે આથી હું બી.આર.સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેથી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચે મુજબના મુદ્દાઓની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

હોટલ અને ગેસ્ટ હાઉસમાં રહેનાર મુસાફરો અને માલિકો માટે

(૧) હોટલ, ગેસ્ટ હાઉસમાં આવનાર દરેક ઇસમના તેમના જ હસ્તાક્ષરમાં રજિસ્ટરમાં જરૂરી નોંધ કરાવવામાં આવે અને સુવાચ્ય સહી મેળવવામાં આવે.

(૨) આ રજિસ્ટરમાં મુસાફરની સહી સાથે પુરૂષ મુસાફરના ડાબા હાથનો અંગુઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગુઠાનું નિશાન લેવામાં આવે.

(૩) દરેક મુસાફર પોતાની સંપૂર્ણ ઓળખ, ટેલીફોન નંબર, મોબાઈલ નંબર તેમજ હોટલ કે ગેસ્ટ હાઉસથી નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચીત/સગા/ઓળખીતાનું નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબરની વિગતો આ રજિસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજીયાતપણે કરાવવી તેમજ આ હકીકત નોંધાવવાની જવાબદારી સાયબરકાફેના સંચાલક/માલિકની નિયત કરવામાં આવે.

(૪) મુસાફરના ઓળખકાર્ડ (ચૂંટણી ઓળખ કાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ, કચેરીનું આઇ. કાર્ડ વિ.) ની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી સાયબર કાફેના દફતરમાં રાખવી.

(૫) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ તમામ હોટલો/ગેસ્ટ હાઉસો જે તે પીસીઓ, કોલ સેન્ટર, સાયબર કાફે ઇત્યાદિના લાયસન્સમાં નોંધવામાં આવેલ માલિક સિવાય કોઈએ હોટલનું સંચાલન કરવું નહી તેમજ આવી હોટલ કોઈપણ પ્રકારના દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરો ખતથી ચલાવવા આપવી વિગેરે અન્ય કોઈ વ્યક્તિને સુપ્રત કરવા માટે મનાઈ જાહેર કરવામાં આવે છે.

(૬) અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની હદમાં આવેલ સાયબર કાફેના માલિક તેમજ મેનેજર/તમામ કર્મચારીઓના નામ, સરનામું નજીકના સગાની વિગતો, આંગળાની છાપો વિગેરેની હકીકતો તેમજ આવી સાયબર કાફેની અન્ય સાથી (SISTER CONCERN) કયા કયા સ્થળે આવેલ છે તેમના માલિક/મેનેજર/સંચાલકના નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબરની લેખિત માહિતી સંબંધિત પોલીસ સ્ટેશન, સંબંધકર્તા સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ તથા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટને ફરજિયાત આપવી.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિત ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ-૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૫ ના કલાક થી તા. ૨૦મી એપ્રિલ, ૨૦૨૫ ના કલાક સુધી (બન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

બી. આર. સાગર,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
અમદાવાદ

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંકઃ CSAHDR202500040, આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, સુચિત ઈન્ડસ્ટ્રીયલ હબ-૩ (ગોપાલચરણ) કો.ઓપ. સર્વિસ સોસાયટી લિ. મુ.બાકરોલ-બુજરંગ, તા. દસક્રોઈ, જિ.અમદાવાદ

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તાઃ ૧૯મી ફેબ્રુઆરી ૨૦૨૫

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંકઃ CSAHDR202500044, આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, વેદ સેફાયર કો.ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લિ. મુ.બિલાસીયા, તા. દસક્રોઈ, જિ.અમદાવાદ

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તાઃ ૧૯મી ફેબ્રુઆરી ૨૦૨૫

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંકઃ CSAHDR202500049, આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, પરમેશ્વર હાઈટ્સ હાઉસિંગ એન્ડ કોમર્શિયલ કો.ઓપરેટીવ સર્વિસ સોસાયટી લિ. મુ.સીંગરવા, તા.દશક્રોઈ, જિ.અમદાવાદ

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તાઃ ૧૯મી ફેબ્રુઆરી ૨૦૨૫

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંકઃ CSAHDR202500088, આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, કલ્યાણ હાઈટ્સ કો.ઓપરેટીવ હાઉસિંગ એન્ડ કોમર્શીયલ સર્વિસ સોસાયટી લિ., મુ.સીંગરવા, તા.દશક્રોઈ, જિ.અમદાવાદ

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તાઃ ૨૫મી ફેબ્રુઆરી ૨૦૨૫

નોંધણીનું પ્રમાણપત્ર

નોંધણી ક્રમાંકઃ CSAHDR202500090, આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, આઈકોનિક ગાર્ડન સિટી કો.ઓપ. હાઉસિંગ સર્વિસ સોસા. લિ., મુ.નિલકી, તા.વિરમગામ, જિ.અમદાવાદ

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

અમદાવાદ, તાઃ ૨૫મી ફેબ્રુઆરી ૨૦૨૫

વી.આર. કપુરીયા
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ,(હાઉસિંગ)
અમદાવાદ

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નં. REG/SAB/SA(HAA)20326/2024 આથી જાહેર કરે છે કે ધી પ્રાંતિજ પ્રાઈમ કોમર્શિયલ કો.ઓ.સર્વિસ સોસાયટી લી. મુ.પો.તા. પ્રાંતિજ, જિ.સાબરકાંઠા

સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સાબરકાંઠા-હિંમતનગર, તાઃ ૧૬મી ડિસેમ્બર ૨૦૨૪

(સહી)-અવાચ્ય
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ,(હાઉસિંગ)
સાબરકાંઠા-હિંમતનગર

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નં. REG/SAB/SE(B)47735/2025 આથી જાહેર કરે છે કે ધી વિશ્વાસ બચત ધીરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મુ.પો.તા. હિંમતનગર, જિ.સાબરકાંઠા

સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તાઃ ૨૦મી જાન્યુઆરી ૨૦૨૫

નં. REG/SAB/SE(MILK)47736/2025 આથી જાહેર કરે છે કે ધી મધુનગરકંપા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ.મધુનગરકંપા, પો.રાધીવાડ તા.ખેડબ્રહ્મા, જિ.સાબરકાંઠા

સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તાઃ ૨૦મી જાન્યુઆરી ૨૦૨૫

નં. REG/SAB/SE(M)47738/2025 આથી જાહેર કરે છે કે ધી પોગલું કલસ્ટર લેવલ ફેડરેશન મહિલા ઉદ્યમી વિવિધલક્ષી સહકારી મંડળી લી., મુ.પોગલું, તા.પ્રાંતિજ, જિ.સાબરકાંઠા

સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તાઃ ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૨૦૨૫

નં. REG/SAB/SE(M)47739/2025 આથી જાહેર કરે છે કે, ધી આજીવિકા મિશન કલસ્ટર લેવલ ફેડરેશન ઉચીધનાલ મહિલા ઉદ્યમી વિવિધલક્ષી સહકારી મંડળી લી., મુ.પો ઉચીધનાલ, તા.ખેડબ્રહ્મા, જિ.સાબરકાંઠા

સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તાઃ ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૨૦૨૫

નં. REG/SAB/SE(M)47740/2025 આથી જાહેર કરે છે કે, ધી ગાંભોઈ કલસ્ટર લેવલ ફેડરેશન મહિલા ઉદ્યમી વિવિધલક્ષી સહકારી મંડળી લી., મુ. ગાંભોઈ, તા.હિંમતનગર,જિ.સાબરકાંઠા

સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તાઃ ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૨૦૨૫

નં. REG/SAB/SE(M)-47741/2025 આથી જાહેર કરે છે કે, ધી લાંબડીયા કલસ્ટર લેવલ ફેડરેશન મહિલા ઉદ્યમી વિવિધલક્ષી સહકારી મંડળી લી., મુ.લાંબડીયા, તા.પોશીના, જિ.સાબરકાંઠા

સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

હિંમતનગર, તાઃ ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૨૦૨૫

(સહી) અવાચ્ય
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, સાબરકાંઠા
હિંમતનગર

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

જા.નં.-ક્રમાંકઃનાધણ/૦૧/ક/૩૬૩/૪/૨૦૨૫.નં. NO CSSAB202500023 આથી જાહેર કરે છે કે ધી કેશવ વિલા કો.ઓપ. હાઉસીગા સર્વિસ સોસાયટી લી. મુ.માધવગઢ તા. તલોદ , જિ. સાબરકાંઠા

સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સાબરકાંઠા-હિંમતનગર, તાઃ ૧૮મી ફેબ્રુઆરી ૨૦૨૫

(સહી)-અવાચ્ય
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ,(હાઉસિંગ)
સાબરકાંઠા-હિંમતનગર

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધા :–

(૧) જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ), અમદાવાદના તા.૧૭/૧૦/૨૦૦૮ નો હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ગ-૩/૫૦૯૬/૨૦૦૮ ની કલમ ૧૦૭ અન્વયેનો અંતિમ હુકમ.

(૨) જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીગ), અમદાવાદનો તા.૦૪/૦૧/૨૦૨૪ નો હુકમ ક્રમાંકઃ ફડચ/૦૧/ઘ-૨(ફડચો)/૦૨/૨૦૨૪ ની કલમ ૧૦૭ અન્વયે સુધારો હુકમ.

(૩) અરજદારશ્રી વિક્રમભાઈ કે. સોલંકી દ્વારા સદરહું સોસાયટીનો વહીવટ અને જરૂરી રેકર્ડને સોંપવા બાબતેની તા.૦૮/૧૨/૨૦૨૩ અરજી અને તેની સાથેનું બિડાણ.

(૪) અત્રેની કચેરીના તા.૨૧/૦૩/૨૦૨૪ ના પત્ર ક્રમાંકઃ ફડચ/૦૧/ઘ-૨(ફડચો)/૨૯/ સને ૨૦૨૪.

(૫) પૂર્વ ફડચા અધિકારી શ્રી વી.એમ.ડાભી, સાતમા વધારા, ઓડિટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ(શહેર),અમદાવાદના તા.૦૧/૦૭/૨૦૨૪નો અહેવાલ તથા તેની સાથેનું બિડાણ.

(૬) અત્રેની કચેરીના તા.૨૧/૦૮/૨૦૨૪ ના પત્ર ક્રમાંકઃ ફડચ/૦૧/ઘ-૨(ફડચો)/૮૯/ સને ૨૦૨૪.

(૭) જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીગ), અમદાવાદનો તા.૦૩/૧૨/૨૦૨૪ નો હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ઘ-૨(ફડચો)/૧૭૩/ સને ૨૦૨૪ ની કલમ ૧૦૭ અન્વયે સુધારા હુકમ.

(૮) ફડચા અધિકારી શ્રી વી.ડી.પરમાર, સહકારી અધિકારી ગ્રેડ-૨ (ફડચો), જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ(હાઉસીગ), અમદાવાદના તા.૧૭/૦૨/૨૦૨૫નો અહેવાલ તથા તેની સાથેનું બિડાણ.

(૯) માન.રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજય, ગાંધીનગરનો તા.૧/૧/૨૦૧૬ નો કાર્યાલય આદેશ ક્રમાંકઃ ધરમ /૦૧/છ/ઓએસ/૩/૨૦૧૫ અને તા.૨૪/૮/૨૦૧૮ નો કાર્યાલય આદેશ ક્રમાંકઃ ધરમ /૦૧/ઓએસ /છ/૧૦૧૮/૨૦૨૨.

(૧૦) ગુજરાત સહકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગરનું તા.૨૧/૦૭/૨૦૧૧ના રોજનું જાહેરનામું ક્રમાંક-જીએચકેએચ/૫૧/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/સીએચ તથા સહકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગરનું તા.૦૧/૦૧/૨૦૧૬ના રોજનું જાહેરનામું ક્રમાંક જીએચકેએચ/૧/૨૦૧૬/ એનએસબી/ ૧૨/૨૦૦૨/૩૦૧૧/સીએચ.

(૧૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

ક્રમાંકઃ ફડચ/૦૧/ઘ-૨(ફડચો)/૩૨૭/૧૮/સને૨૦૨૫ ધી ખોડીયાર કૃપા કો-ઓપ. હાઉસિંગ સોસાયટી લિ., મું.બોપલ, તા.દસક્રોઈ, જિ.અમદાવાદ (ટૂંકમાં ''સોસાયટી'') એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ (ટૂંકમાં ''સહકારી કાયદો'') હેઠળ તા.૦૨/૦૯/૧૯૮૩ ના રોજ રજિસ્ટ્રેશન ક્રમાંકઃ ધ-૧૧૦૦૬ થી, નોંધાયેલી કો-ઓપ હાઉસીંગ સોસાયટી છે, જેથી, તેનું કામકાજ, સહકારી કાયદા અને ગુજરાત સરકારી મંડળીઓ નિયમો, ૧૯૬૫ (ટૂંકમાં ''નિયમો'') સહીત લાગુ પડતા તમામ કાયદા અને નિયમોની પ્રવર્તમાન જોગવાઈઓ તથા ઉપરોકત સોસાયટીના નોંધાયેલા પેટાનિયમોની જોગવાઈઓને અધીન રહીને તેમજ આ કચેરીના નિયંત્રણ અને દેખરેખ હેઠળ રહીને કરવાનું રહે છે.

વંચાણે લીધા ક્રમાંકઃ (૧) ના હુકમ મુજબ સદરહું મંડળીમાં ફડચાનો અંતિમ હુકમ કરી શ્રી જે. ડી.પરમાર, ફડચા અધિકારીશ્રી નં-૨ લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (રૂરલ), અમદાવાદની નિમણૂંક કરવામાં આવેલ. વંચાણે લીધેલ ક્રમાંક : (૨) ઉપરના સુધારા હુકમથી, ફડચા અધિકારી તરીકે શ્રી વી.એમ.ડાભી, સાતમા વધારા, ઓડિટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદની નિમણૂંક કરવામાં આવેલ. પરતું શ્રી વી.એમ.ડાભી, સાતમા વધારા, ઓડિટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદની બઢતી સહ બદલી થતાં સુધારા હુકમ કરેલ.

ઉપરોકત સોસાયટીના અરજદારશ્રી વિક્રમભાઈ કે. સોલંકી દ્વારા તા.૦૮/૧૨/૨૦૨૩ના લખાયેલા વંચાણે લીધા ક્રમાંકઃ (૩) ઉપરના પત્રથી, સદરહું સોસાયટીનો વહીવટ અને જરૂરી રેકર્ડને સોંપવા બાબતે જરૂરી કાર્યાવાહી હાથ ધરવા અરજી કરેલ. જે અનુસંધાને, અત્રેની કચેરી-ના વંચાણે લીધા ક્રમાંક : (૪) ના તા.૨૧/૦૩/૨૦૨૪ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ઘ-૨ (ફડચો)/૨૯/સને ૨૦૨૪ના અત્રેના કાર્યાલયના પત્રથી અરજદારશ્રી વિક્રમભાઈ કે. સોલંકી દ્વારા તા.૦૮/૧૨/૨૦૨૩ની રજૂઆત સંદર્ભે સદરહું મંડળી સહકારી કાયદા મુજબ યોગ્ય તે ઘટતી કાર્યવાહી કરવા જણાવેલ. તે અંગેનો અહેવાલ અત્રેની કચેરીને રજુ કરવા ફડચા/ અધિકારીશ્રીને જણાવેલ.

ત્યારબાદ પૂર્વ ફડચા અધિકારી શ્રી વી.એમ.ડાભી, સાતમા વધારા, ઓડિટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ (શહેર), અમદાવાદના વંચાણે લીધા ક્રમાંકઃ (૫) ના તા.૧૭/૦૨/૨૦૨૫ અહેવાલના જણાવ્યાનુસાર, સદરહું સોસાયટીનો વહીવટ લેવા માટે પૂર્વ ફડચા અધિકારીશ્રી દ્વારા તા.૦૧/૦૭/૨૦૨૪ના પત્રથી સહકારી કાયદાની કલમ ૧૯(ખ) અન્વયે મંડળીને પુનઃજીવિત કરી આપવા બાબતે નિયમ-૧૦ અન્વયે નમૂના-ડી ની અરજી અત્રેની કચેરી રજૂ કરેલ. જે મુજબ તેઓએ ખાસ સાધારણ સભાનો એજન્ડા તા.૧૩/૦૬/૨૦૨૪ના રોજ ઈસ્યુ કરી તા.૨૩/૦૬/૨૦૨૪ના રોજ ખાસ સાધારણ સભા બોલાવેલ. જેમાં ઠરાવ નં.૧થી સોસાયટીની એડહોક કમિટીની સર્વાનુમતે વરણી થયેલ છે. જેમાં સોસાયટીની નીચે જણાવ્યા મુજબના સભ્યોમાંથી વ્યવસ્થાપક કમિટીની સર્વાનુમતે વરણી કરેલ છે.

ક્રમ	વ્યવસ્થાપક કમિટીના સભ્યો	મકાન નંબર
૧.	શ્રી વિક્રમ કે. સોલંકી	એ/૧/૧૯
૨.	શ્રી હિમાશુંભાઈ એન. પટેલ	એ/૩૨
૩.	શ્રી પંકજકુમાર પી. વ્યાસ	બી/૬૭
૪.	શ્રી જનકપુરી કે. ગોસ્વામી	એ/૧/૧
૫.	શ્રી સંતોષકુમાર પી. વ્યાસ	એ/૨૭

જે વિગતો સાથે સોસાયટીને પુનઃજીવીત કરવા ભલામણ કરેલ છે તથા તેઓ હસ્તકનો ચાર્જ સભ્યોને સુપ્રત કરી શકે તે માટે સોસાયટીને સહકારી કાયદાની કલમ ૧૯(ખ) અન્વયે પુનઃજીવીત કરવા અંગેના જરૂરી હુકમો થઈ આવવા વિનંતી કરેલ.

આ કાર્યલયના વંચાણે લીધા ક્રમાંક : (૬) ઉપરનો તા.૨૧/૦૮/૨૦૨૪થી પૂર્વ ફડચા અધિકારી શ્રી વી.એમ.ડાભી, સાતમા વધારા, ઓડિટર ગ્રેડ-૨, સહકારી મંડળીઓ(શહેર), અમદાવાદને જરૂરી વિગતોના સાધાનિક કાગળો સહ, નિયમોનુસારની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૧૯ અન્વયેની દરખાસ્ત સુવ્યવસ્થિ જરૂરી દસ્તાવેજો સહ રજુ કરવા પુર્તતા કરવા જણાવેલ.

પરતું શ્રી વી.એમ.ડાભીની બઢતી સહ બદલી થતાં વંચાણે લીધા ક્રમાંકઃ (૭) ઉપરના સુધારા હુકમથી, શ્રી વી.ડી.પરમાર સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીગ), અમદાવાદની નિમણૂંક કરવામાં આવેલ.

આ કાર્યાલયના વંચાણે લીધા ક્રમાંક : (૬) ઉપરના તા.૨૧/૦૮/૨૦૨૪ પત્ર અનુસંધાને શ્રી વી.ડી.પરમાર, સહકારી અધિકારી (ફડચો)/ લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ(હાઉસીગ), અમદાવાદએ કાર્યવાહી હાથ ધરી, વંચાણે લીધેલ ક્રમાંક : (૮) ઉપરનો તા.૧૭/૦૨/૨૦૨૫ના રોજ પૂર્તતા અહેવાલ આ કચેરીને રજૂ કરેલ છે. જે અહેવાલ અનુસાર, શ્રી વી.ડી.પરમારએ ઉપરોકત રિપોર્ટમાં જણાવ્યા મુજબના રજૂ કરેલ તમામ વિગતો અને હકિકતો તથા વિગતોની રેકર્ડ આધારિત ચકાસણી સભાસદોનાં વિશાળ હિતને ધ્યાને લઈ સહકારી કાયદાની કલમ ૧૯ (ખ) અન્વયે પુનઃજીવીત કરવા નિયમોનુસારની કાર્યવાહી કરવા ભલામણ કરેલ.

માનનીય રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજય, ગાંધીનગરના વંચાણે લીધેલ ક્રમાંક : (૯) ના તા.૧/૧/૨૦૧૬ અને તા.૨૪/૮/૨૦૨૨ ના કાર્યાલય આદેશોથી, આ કાર્યાલયને અમદાવાદ જિલ્લાની કો-ઓપ. હાઉસિંગ સોસાયટીઓને લગતી કામગીરી સુપ્રત થયેલ છે તેમજ ગુજરાત સહકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગરના વંચાણે લીધા ક્રમાંક : (૧૦) ઉપરના તા.૨૧/૦૭/૨૦૧૧ તથા તા.૧/૧/૨૦૧૬ ના રોજના જાહેરનામાઓથી, તેમાં જણાવ્યા મુજબની સહકારી કાયદા હેઠળની રજિસ્ટ્રારશ્રીની સત્તાઓ આ કાર્યાલયને સુપ્રત થયેલ છે. જેને અધીન રહીને, ઉપરોકત સોસાયટીના કિસ્સામાં, સહકારી કાયદાની કલમ ૧૯ હેઠળની સત્તાઓ આ કચેરીને પ્રાપ્ત થયેલ છે.

આમ ઉપરોકત વિગતો/હકીકતોને ધ્યાને લેતાં તેમજ ફડચા અધિકારીએ કરેલ ભલામણ અને સભ્યોએ તા.૨૩/૦૬/૨૦૨૪ની ખાસ સાધારણ સભામાં કરેલ ઠરાવ જોતાં સોસાયટીને પુનઃજીવીત કરવા અંગેનો હુકમ કરવાનો મુનાસિબ જણાતાં આથી નીચે મુજબ હુકમ કરૂ છું.

હુકમ

આથી હું વિશાલ આર.કપુરીયા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ(હાઉસીંગ), અમદાવાદ, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૯ ની જોગવાઈઓ અને ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગરના વંચાણે લીધા ક્રમાંકઃ (૧૦) ઉપરના તા.૨૧/૭/૨૦૧૧ અને તા.૧/૧/૨૦૧૬ ના જાહેરનામાઓથી મને પ્રાપ્ત થયેલ સત્તાની રૂએ, ધી ખોડીયાર કૃપા કો-ઓપ. હાઉસિંગ સોસાયટી લિ., મું.બોપલ, તા.દસક્રોઈ, જિ.અમદાવાદ (નોંધણી ક્રમાંકઃઘ-૧૧૦૦૬, તા.૦૨/૦૯/૧૯૮૩)ને ફડચામાંથી નીચે મુજબની શરતોને આધિન રહીને પુનઃજીવીત કરવાનો હુકમ કરૂ છું.

શરતો

(૧) મંડળીએ તેના બાકી સમયથી છેવટે સુધીના વાર્ષિક હિસાબોનું ઓડીટ ત્રણ માસમાં પુરૂ કરાવી લેવાનું રહેશે.

(૨) સભાસદોના વિશાળ હિતમાં પેટા નિયમમાં જણાવેલ ઉદ્દેશો મુજબની તથા સહકારી કાયદા કાનૂન મુજબની કામગીરી કરવાની રહેશે.

અમદાવાદ, તાઃ-૨૦મી ફેબ્રુઆરી ૨૦૨૫

વી.આર. કપુરીયા
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ,(હાઉસિંગ)
અમદાવાદ

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.07.31 17:52:07 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara